# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

## કાગળની હોડી અને તોફાની નદી






ચોમાસાની ઋતુ પૂરજોશમાં ખીલી હતી. આકાશમાં ઘનઘોર કાળા વાદળો ઘેરાયેલા હતા અને સતત વિજળીના ચમકારા થઈ રહ્યા હતા. નાનકડા સુંદર ગામની પડખેથી વહેતી 'રૂપેણ' નદીમાં આજે માઝા મૂકી હતી. ગઈકાલે રાત્રે પડેલા ભારે વરસાદને કારણે શાંત રહેતી રૂપેણ નદી આજે રોદ્ર અને તોફાની રૂપ ધારણ કરી ચૂકી હતી. તેના લાલ-બદામી રંગના પાણીના મોજા ઉછળી રહ્યા હતા અને પાણીનો અવાજ દૂર સુધી સંભળાતો હતો.

ગામમાં રોહન નામનો આઠ વર્ષનો એક ઉત્સાહી બાળમિત્ર રહેતો હતો. વરસાદ બંધ થતાં જ તે પોતાના ઘરમાંથી બહાર આવ્યો. તેને કાગળમાંથી નવી નવી વસ્તુઓ બનાવવાનો ભારે શોખ હતો. આજે તેણે પોતાના પુસ્તકમાંથી એક મજબૂત અને મોટો કાગળ લીધો. ખૂબ જ કાળજીપૂર્વક ખૂણાઓ વાળીને તેણે એક સુંદર કાગળની હોડી બનાવી.

હોડી સામાન્ય નહોતી; તેણે તેના પર રંગબેરંગી ચિત્રો દોર્યા હતા અને તેની ઉપર નાની ધજા પણ લગાવી હતી. રોહને પ્રેમથી તેની હોડીનું નામ રાખ્યું – "સાહસી".

રોહન ખુશ થતો થતો દોડતો નદી કિનારે પહોંચ્યો. ત્યાં ગામના બીજા બાળકો – મનન, રીયા અને કબીર પણ ભેગા થયા હતા. બધા નદીનો તોફાની મિજાજ જોઈને ગભરાયેલા ઊભા હતા. નદીમાં પાણીનું વહેણ ખૂબ ઝડપી હતું.

રોહને પોતાની હોડી 'સાહસી'ને હાથમાં લીધી અને નદી તરફ પગ ઉપાડ્યા.

આ જોઈને મનન બોલ્યો, "રોહન, તું પાગલ થઈ ગયો છે? જુએ છે નદી કેટલી તોફાની છે! તારી કાગળની નાજુક હોડી એક સેકન્ડ પણ નહીં ટકી શકે, ડૂબી જશે!"

રીયાએ પણ કહ્યું, "હા રોહન, કાગળ તો પાણીમાં પલળીને ગળી જાય. નકામી તારી મહેનત પાણીમાં જશે."

પરંતુ રોહનના મનમાં અલગ જ ઉત્સાહ હતો. તેણે સ્મિત સાથે કહ્યું, "હોડી કાગળની છે એ વાત સાચી, પણ તેનું નામ 'સાહસી' છે! પ્રયત્ન કર્યા વગર હાર કેમ માનવી?"

**હોડી સામાન્ય નહોતી; તેણે તેના પર રંગબેરંગી ચિત્રો દોર્યા હતા અને તેની ઉપર નાની ધજા પણ લગાવી હતી. રોહને પ્રેમથી તેની હોડીનું નામ રાખ્યું – "સાહસી"**

### સાહસીનો રોમાંચક પ્રવાસ

રોહને ધીમેથી નદીના કિનારે નમીને 'સાહસી'ને તોફાની વહેણમાં મૂકી દીધી.

જેવી હોડી પાણીમાં ગઈ કે તરત જ નદીના એક મોટા તોફાની મોજાએ તેને ઊંચકી લીધી! એક પળ માટે તો બધા બાળકોએ ચીસ પાડી ઉઠી, "અરેરે! ગઈ હોડી!"

પણ આ શું? 'સાહસી' ડૂબી નહીં! તે મોજાની સાથે ઊંચી થઈ અને કુશળતાથી પાણી પર તરવા લાગી. તોફાની નદી તેને ડૂબાડવા માટે જાણે મથામણ કરી રહી હતી, પણ કાગળની હોડી દરેક વહેણ સાથે લય મિલાવીને આગળ વધતી ગઈ.

રસ્તામાં એક મોટો પથ્થર આવ્યો. એવું લાગ્યું કે હોડી પથ્થર સાથે અથડાઈને ફાટી જશે. પરંતુ નદીના જ એક ભંવરે (ચક્કરે) તેને પથ્થરથી દૂર ધકેલી આપી. હોડી સહેજ વાંકી થઈ, પણ પલટી નહીં! તે તો મસ્તીથી મોજાં પર હિચકા ખાતી આગળ ને આગળ વધવા લાગી. આ દ્રશ્ય જોઈને કિનારે ઊભેલા બધા બાળકો અચરજ પામી ગયા! જે બાળકો ડરતા હતા, તેઓ હવે જોર-જોરથી તાળીઓ પાડવા લાગ્યા અને "સાહસી! સાહસી!" ના નારા લગાવવા લાગ્યા. રોહન અને તેના મિત્રો હોડીની સાથે સાથે નદીના કિનારે દોડવા લાગ્યા. હોડી પલળતી હતી, પણ તોફાની નદી સામે હાર માનવા તૈયાર નહોતી. તે વહેણ સાથે ગામની સરહદ પાર કરીને દૂર સુંદર વાડીઓ તરફ નીકળી ગઈ.

## ફેક્ટરીની ઉપર ગોળ-ગોળ ફરતી ચાંદી જેવી ચમકતી વસ્તુ શું હોય છે?




વિજ્ઞાને માણસનું જીવન સૌથી સરળ કરી નાખ્યું છે. ઘણી સરળ દેખાતી શોધો લોકોને એટલી બધી સુવિધા આપે છે કે તેમના વિના જીવવું મુશ્કેલ બની જાય છે. તમે ઘણીવાર ફેક્ટરીઓની છત પર ગોળ ફરતી ચમકતી વસ્તુ જોઈ હશે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આખરે આ વસ્તુ છે શું? આ કોઇ ડિઝાઇન નથી કે માત્ર સારું દેખાય તેના માટે નથી. પરંતુ તેનો ખાસ ઉપયોગ છે. ચાલો આજે તમારી મૂંઝવણ પણ દૂર કરી લઈએ.

આ સ્ટીલના ગોળ પંખા ફક્ત સજાવટ માટે નથી. તે ખૂબ મહત્ત્વ ધરાવે છે. આના કારણે ફેક્ટરીમાં મજૂરોનું કામ અને તેમની સ્થિતિમાં પણ સુધારો થાય છે. આ સ્ટીલ સીલિંગ ફેન ટર્બો વેન્ટિલેટર છે, જેને એર વેન્ટિલેટર, ટર્બાઇન વેન્ટિલેટર અથવા રૂફ એક્સટ્રેક્ટર જેવા વિવિધ નામોથી પણ ઓળખવામાં આવે છે.

આજકાલ વેન્ટિલેટર ફક્ત ફેક્ટરીઓમાં જ નહીં, પરંતુ શોપિંગ મોલ, મોટી દુકાનો અને રેલ્વે સ્ટેશનોમાં પણ લગાવવામાં આવે છે.હવે જ્યારે અમે તમને આ ફરતા સ્ટીલના બાઉલનું નામ કહ્યું છે, તો ચાલો તમને તેનો ઉપયોગ પણ જણાવીએ. ટર્બો વેન્ટિલેટર વિજ્ઞાનના સિદ્ધાંત પર કામ કરે છે. તમારે જાણવું જ જોઈએ કે ગરમ હવા હળવી હોય છે તેથી તે વધુ ઉપર તરફ વધે છે. રૂમમાં ધીમે ધીમે ગરમ હવા ભરવાથી, આખો ઓરડો ગરમ થવા લાગે છે.



આવી સ્થિતિમાં આ વેન્ટિલેટર હવાને દૂર કરવામાં મદદ કરે છે. જ્યારે આ ટર્બાઇન વેન્ટિલેટર ફરે છે, ફેક્ટરીની અંદર ઉત્પન્ન થતી ગરમ હવાને ખેંચીને બહાર કાઢે છે. આ પછી ઠંડી હવા જે ભારે હોય છે, તો બારી અને દરવાજા વડે ફેક્ટરીમાં પ્રવેશે છે અને કામદારોને રાહત આપે છે.

વધુમાં આ વેન્ટિલેટર ખાસ કરીને ચોમાસાની ઋતુ દરમિયાન ગંધ અને વધુ પડતી ભેજ દૂર કરવામાં પણ મદદ કરે છે, જેનાથી કામદારો માટે કામ કરવું સરળ અને આરામદાયક બની જાય છે. પહેલાના સમયમાં, ઘરોમાંથી ગરમ હવા બહાર નીકળી શકે તે માટે છતમાં ગોળાકાર છિદ્રો છોડવામાં આવતા હતા. આજના સમયમાં તેનું જ મોર્ડન રૂપ છે આ વેન્ટિલેટર. જેનું ચલણ મોટાપાયે વધ્યું છે.

## બાળગીત



### ચકલી રે ચકલી, ચીં ચીં કરતી આવ

ચકલી રે ચકલી, ચીં ચીં
કરતી આવ,
દાણા નાખું ચણવા તું વ્હેલી
વ્હેલી આવ.

આંગણિયામાં આવીને તું
ડગલાં ભરતી જા,
પીંછાં ફેલાવીને તું પાંખો
કરતી જા.

બિલાડી ભાઈ આવે તો તું
ઉડી જજે દૂર,
મીઠી મીઠી ગીતોની રેલાવજે
તું સૂર.

નાના મારા બાળકની તું
સાથી બની જા,
રમવા તું આવીને હૈયું
હરખાવી જા!

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 5 | | 7 | | 2 | | 4 | = | 37 |
| 2) | 5 | | 7 | | 2 | | 4 | = | 40 |
| 3) | 5 | | 7 | | 2 | | 4 | = | 28 |

### CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| B | U | T |
| | | |
| | | |
| F | A | N |

### CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | 3 | |
| | 7 | |
| | 1 | |

વર્તુળો: 20, 23, 16, 17

### BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને શાકમાર્કેટમાં જોવા મળતી 7 વસ્તુના નામ બનાવો. દા.ત. FR UIT = FRUIT

| | | | | |
|---|---|---|---|---|
| ALL | LA | CR | GE | HA |
| VE | | BA | FR | NCE |
| UIT | TA | WK | ST | ET |
| ER | SK | BA | OWD | BLE |

| ચાવી | શબ્દો |
|---|---|
| 5 અક્ષર | 3 |
| 6 અક્ષર | 2 |
| 7 અક્ષર | 1 |
| 9 અક્ષર | 1 |

જવાબ (ઊંધું છાપેલું): VEGETABLE, BALANCE, BASKET, HAWKER, CROWD, FRUIT, STALL

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 5 | × | 7 | - | 2 | + | 4 | = | 37 |
| 2) | 5 | + | 7 | - | 2 | × | 4 | = | 40 |
| 3) | 5 | + | 7 | × | 2 | + | 4 | = | 28 |

Q2

| | | |
|---|---|---|
| B | U | T |
| B | U | N |
| B | A | N |
| F | A | N |

Q3

| | | |
|---|---|---|
| 8 | 3 | 9 |
| 2 | 7 | 4 |
| 6 | 1 | 5 |

વર્તુળો: 20, 23, 16, 17

## શબ્દો શોધો



| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | h | | | | e |
| 2 | t | | | | r |
| 3 | h | | | | o |
| 4 | s | | | | l |
| 5 | s | | | | e |
| 6 | z | | | | a |
| 7 | l | | | | r |
| 8 | m | | | | e |
| 9 | s | | | | k |
| 10 | e | | | | e |

emu agl ors ige tor
ipp ebr nak ous nai